ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૪૦/૧૯–૨૦/ 3263 તારીખ : 20 AUG 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી હરીભાઈ પરબતભાઈ મોરી,
મુ.જમનવાડા, તા.કોડીનાર,
જી.ગીર સોમનાથ.

કેસ નં.૪૦/૧૯–૨૦

**વિષય : વાંધો હોવા છતાં ખેતીવાડી વીજ કનેકશન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ. અત્રેની કચેરીને મળ્યા તા.૦૧/૦૭/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૦/૧૯–૨૦/૨૪૭૪ તા.૦૨/૦૭/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૦/૧૯–૨૦/૩૦૦૨ તા.૦૧/૦૮/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૪/૦૮/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, ઉના.

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **કોડીનાર–૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર -૪૦/૧૯-૨૦** ☜

વાદી :- શ્રી હરીભાઈ પરબતભાઈ મોરી

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:- ૧૪.૦૮.૨૦૧૯:◈

હાજર રહયા :- શ્રી હરીભાઈ પરબતભાઈ મોરી - (વાદી પોતે)

પ્રતિવાદી :- શ્રી એચ. જે. ઠાકર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ઉના.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી હરીભાઈ પરબતભાઈ મોરી, મુ.જમનવાડા, તા.કોડીનાર, જી.ગીર સોમનાથની વાંધો હોવા છતાં ખેતીવાડી વીજ કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૦/૧૯-૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/૪૦/૧૯-૨૦/૨૪૭૪ તા.૦૨.૦૭.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૪.૦૮.૨૦૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી હરીભાઈ પરબતભાઈ મોરી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ. જે. ઠાકર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ઉના ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત**:- **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારા પિતાશ્રીના નામે અને ખાતે ચાલતી અને અમારા હિત સબંધવાળી ખેતીની જમીન,

| મોજે | ખાતા નંબર | સર્વે નંબર | ક્ષેત્રફળ | નોંધ |
|---|---|---|---|---|
| જમનવાડા | ૩૪ | ૯૯/૩ | ૦-૬૫-૬૫ | કોઈ વીજજોડાણ માંગણી નથી. |

ઉપર ગેરકાયદેસર રીતે ખોટા દસ્તાવેજો સાઈન કરી, વીજજોડાણની માંગણી કરવામાં આવેલ તે બાબતે અમોને જાણ થતાં અમારા પિતાશ્રી અમારી સાથે જ રહેતા હોય તેમનાથી પુરી ખાત્રી કરી અમારા પિતાશ્રીના નામે અને તેમના વતી અમોએ પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરીમાં ખોટા દસ્તાવેજ સાથે અરજી કરેલ હોવાની સ્પષ્ટ બાબત સાથે વીજજોડાણ આપવા સામે લેખીત વાંધા અરજી ઉપ... દાખેલ અને જેની નકલ નાયબ ઈજનેરશ્રીનીએ વાંધા સ્વિકારી સહી-સિકકો કરી આપેલ.

P.G.V.C.L. Bhavnagar.

..૨..

૧.૨ અમારા પિતાશ્રીના નામે ખોટા દસ્તાવેજો ઉભા કરી વીજજોડાણ મેળવવાની તજવીજ કરવા સામે જરૂરી આધારો મેળવવા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અમારા હિત સબંધવાળી ખેતીની જમીન ઉપર વીજજોડાણ માંગવા રજુ રાખેલ અરજી અને અરજી સાથેના આધારો માંગેલ જે અરજી રૂબરૂમાં સ્વિકારેલ અને માહિતી અરજી ફી ની રકમ ભરવા હુકમ કરવા જરૂરી સલાહ લઈ રૂા.૨૦/– ભરપાઈ કરવા જણાવવામાં આવશે તેમ કહી અરજી રીસીવ્ડ કોપીમાં સહી કરી સ્વિકારવામાં આવેલ જે પછી આજ સુધી માહિતી અરજી ફી ભરવા કે માહિતી અરજી મુજબની કોઈ માહિતી આપવા કોઈ દરકાર કરેલ નથી.

૧.૩ અમારા વાંધાઓને અવગણી વીજજોડાણ માંગણીના દસ્તાવેજો અને વીજજોડાણ માંગણીદાર તરીકેની ખોટી સહીઓની ગંભીર બાબતે કોઈ ખાત્રી, સ્પષ્ટતા કે વાંધેદારના વાંધાઓને બન્ને પક્ષોને સાંભળી નિકાલ કરવાની કે વાંધા અરજીના આક્ષેપો ની ખરાઈ કરવા કે વીજજોડાણ માંગણી અરજીનું રેકર્ડ જાહેર રેકર્ડ હોય માહિતી અરજી પછી પણ કોઈ રેકર્ડ ઉપરના આધારો નહી આપી વીજજોડાણ ગેરરીતી આચરી અમારા પિતાશ્રીના નામે અને જોખમે રીલીઝ કરવામાં આવેલ છે.

૧.૪ અમારા વાંધાઓ વચ્ચે વીજજોડાણ મંજુર કરી આ કામના જવાબદાર નં.૧ નાઓના લાભમાં પીજીવીસીએલના જવાબદાર અધિકારીઓએ ભ્રષ્ટાચાર અને ગેરરીતી આચરી વીજજોડાણ આપવા વીજ લાઈન ઉભી કરવાની કામગીરી સ્થળ ઉપર શરૂ કરેલ છે અને સદર વીજલાઈન/ અમારી વાંધાર અરજી/ માહિતી અરજી સબબ વિનંતી છતા કોઈ જવાબ સુધા આપવાની દરકાર નહી કરતા હાલની ફરીયાદ કરવા ફરજ પડેલ છે.

૧.૫ અમારી ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમે સમક્ષની ફરીયાદથી આપ સાહેબશ્રી સમક્ષ નમ્ર માંગણી રજુઆત છે કે..,

૧. અમોએ અમારા પિતાશ્રીના નામે આપેલ વાંધા અરજી સામે શું નોંધ – કાર્યવાહી – ખરાઈ કરેલ છે તેની તપાસ થવા,

૨. અમારી માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીથી માંગવામાં આવેલ વીજજોડાણ માંગણી દસ્તાવેજો શું કામ આપવામાં આવેલ નથી ? અરજી ફી – માહિતી ફી ભરવા કોઈ હુકમ શું કામ કરેલ નથી? તેની તપાસ થવા,

૩. ખોટા દસ્તાવેજો, સહીઓથી રજુ રાખેલ માંગણી અરજી અને તેના સાહીયોગી દસ્તાવેજોની ખરાઈ થવા અને ખોટા સાબીત થયે જાણવા છતાં ખોટા દસ્તાવેજી આધારો રજુ રાખવા / ખોટી સહીઓ કરવા સામે ફોજદારી ગુન્હો દાખલ થવા હુકમ થવા.

૪. જવાબદાર અધિકારીઓને વાંધા અરજી છતા વીજજોડાણ રીલીઝ કરવા આચરેલ ગેરરીતી, ગુન્હાહીત બેદરકારી, સબબ ખાતાકીય સહ ફોજદારી કાર્યવાહી થવા,

૫. અમારા વાંધાઓ વચ્ચે વીજલાઈન ઉભી કરવાની શરૂ કરેલ કામગીરી ઉપરોકત તપાસ પુરી ન થાય ત્યાં સુધી તાત્કાલીક અસરથી સ્થગીત કરતો હુકમ થવા અને ખાસ તપાસ અધિકારીથી તપાસ અહેવાલ મંગાવી સખ્તમાં સખ્ત કાર્યવાહી થવા અમારી ધોરણસરની ફરીયાદ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>** અરજદારની ફરીયાદને લગતી વિગતવાર માહીતી નીચે મુજબ છે.

૨.૧ તા.૦૧.૦૨.૧૮ ના રોજ અરજદારના પિતાશ્રી પરબતભાઈ હાદાભાઈ મોરી દવારા જમનવાડા ગામના સર્વે નં.૯૯/P૩ માં ખેતીવાડી નવા કનેકશન માટે પેટા વિભાગીય કચેરી, કોડીનાર–૨ ખાતે પહોંચ નં.૬૩૧૯૭ થી રૂા.૨૦૦/– ભરી, રજીસ્ટ્રેશન કરાવેલ.

૨.૨ રજીસ્ટ્રેશન થયા બાદ તેમનો ખેતીવાડી કનેકશનનો ક્રમ આવતાં પેટા વિભાગીય કચેરી, કોડીનાર–૨ દવારા તા.૧૨.૦૪.૧૯ ના રોજ આઉટવર્ડ નં.૬૩૨૪ થી ભાવપત્રક મોકલવામાં આવેલ.

૨.૩ આ ભાવપત્રક અરજદારશ્રી પરબતભાઈ હાદાભાઈ મોરી દવારા તા.૨૪.૦૪.૧૯ ના રોજ પહોંચ નં.૨૫૯૦૮૭, ૮૮, ૮૯ થી ભાવપત્રક ની રકમ ભરપાઈ કરેલ છે.

૨.૪ ભાવપત્રક ભરતાં સમયે અરજદાર દવારા એગ્રીમેન્ટ પણ રજુ કરવામાં આવેલ, જેમાં સાક્ષીઓની સહી પણ લેવામાં આવેલ.

૨.૫ આ ભાવપત્રક ભર્યા બાદ સદર અરજદારને કંપનીના નિયમ મુજબ પોલ આપવામાં આવેલ, જે પોલ પેટા કચેરી દવારા ઉભા કરવામાં આવેલ.

૨.૬ સદર કામગીરી થયા બાદ અરજદાર દવારા ઈન્વર્ડ નં.૫૩૨૫ થી તા.૦૪.૦૬.૧૯ ના રોજ વાંધા અરજી આપેલ.

૨.૭ સદર અરજદારની વાંધા અરજીને ધ્યાને લઈ પેટા કચેરી દવારા કનેકશન આપવાની કાર્યવાહી સ્થગિત કરેલ. આમ પેટા વિભાગીય કચેરી, કોડીનાર–૨ દવારા સદર કનેકશન રીલીઝ કરવામાં આવેલ નથી અને જેની જાણ અરજદારને પણ કરવામાં આવેલ છે.

૨.૮ અરજદાર દવારા સંદર્ભ પત્ર મુજબ કોઈપણ પ્રકારની માહિતી પેટા કચેરી ખાતે માંગેલ નથી કે માહિતી માટે કોઈ ચાર્જ ભરેલ નથી. જેથી અરજદારના પત્રમાં જે આક્ષેપ કરવામાં આવેલ છે, જે સદંતર ખોટા છે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર હરીભાઈ પરબતભાઈ મોરીએ તેઓનાં પિતાશ્રી પરબતભાઈ હાદાભાઈ મોરીનાં નામે ગામ–જમનવાડા, તા.કોડીનારના સર્વે નં.૯૯/૩ માં પ્રતિવાદી દવારા ખેતીવાડી વીજજોડાણની કાર્યવાહી સામે ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીનાં પિતા પરબતભાઈ હાદાભાઈ મોરી એ ગામ–જમનવાડા, તા.કોડીનારનાં સર્વે નં.૯૯/૩ માં તા.૦૧.૧૨.૧૮ ના રોજ પ્રતિવાદીની કચેરીમાં નવા ખેતીવાડી વીજજોડાણ માટે અરજી નોંધણી કરાવેલ, જેના માટે પ્રતિવાદી એ તા.૧૨.૦૪.૧૯ ના રોજ અંદાજપત્ર પાઠવેલ, જે તેમનાં પિતાશ્રી પરબતભાઈ દવારા તા.૨૪.૦૪.૧૯ ના રોજ ભરપાઈ કરી આપેલ તેમજ નવા વીજજોડાણ માટેનું જરૂરી કરારનામું પ્રતિવાદી સાથે કરેલ.

૩.૩ પ્રતિવાદીએ નવા વીજજોડાણ માટે કામ શરૂ કરી પોલ ઉભા કરેલ છે

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

૩.૪ વાદી અરજદારે તેમના પિતાશ્રીએ માંગેલ વીજજોડાણને આપવામાં થતી કાર્યવાહી સામે વાંધો લઈ ફોરમને રજુઆત કરેલ છે.

૩.૫ આજરોજ ફોરમ સમક્ષ વાદી અરજદારે તેમનાં પિતાશ્રીનું મરણ પ્રમાણપત્ર રજુ કર્યા મુજબ તેમનાં પિતાશ્રી પરબતભાઈનું મૃત્યુ તા.૦૧.૦૭.૧૯ ના રોજ થયેલ છે. તેમજ સર્વે નં.૯૯/૩ જેમાં વીજજોડાણ માંગવામાં આવેલ છે તેના રેવન્યુ ડોકયુમેન્ટસમાં માલીકી હકક પરબતભાઈ હાદાભાઈ મોરીનાં નામની છે તેમાં જરૂરી વારસાઈ અંગેની કાર્યવાહી તેઓએ શરૂ કરેલ છે.

૩.૬ વાદી અરજદાર હરીભાઈ ફોરમને કરેલ રજુઆત અયોગ્ય છે કારણકે સર્વે નં.૯૯/૩ માં હાલ તેમના પિતાશ્રી પરબતભાઈ ની માલીકી છે. આથી ફોરમે કોઈ હુકમ કરવાનો રહેતો નથી પરંતુ પ્રતિવાદીએ સર્વે નં.૯૯/૩ નાં વારસદારો અને તેમના વારસાઈ હકક અંગેના દસ્તાવેજ વાદી પાસેથી મળ્યેથી નિયમ મુજબ કાર્યવાહી કરવી.

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— ૧૪.૦૮.૨૦૧૯

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.